# મેટ્રો ટ્રેનનું ગાંધીનગરનું સ્વપ્ન રોળાઈ ગયું !!

## દસ વર્ષથી મેટ્રો ટ્રેન જોવાની અભિલાષા જમીન દોસ્ત થઈ ગઈ : ત્રણ ત્રણ વખતના સોઈલ ટેસ્ટના ટેન્ટ અને ઠેર ઠેર લગાવાયેલ બોર્ડને નાટક ગણાવતા નગરજનો

ગાંધીનગર, તા.૧૭

'એ આપણા ઘરની નજીકથી મેટ્રો ટ્રેન પસાર થશે, બહુ મજા આવી જશે...' ગાંધીનગરમાં ઠેર ઠેર લગાવવામાં આવેલા મેટ્રો સ્ટેશનના બોર્ડ જોઈ ગાંધીનગરનાઓ દિવા સ્વપ્નોમાં રાચવા લાગી ગયા હતા. બિલ્ડરો અને ડેવલપરોએ તો પોતાની સ્કીમની જાહેરાતમાં પણ મેટ્રો સ્ટેશનનો ઉલ્લેખ કરી દીધો હતો. શહેરના પ્રવેશદ્વારે ચ-૦ નજીક તો મેટ્રો રેલ સ્ટેશનનું મસ મોટું બોર્ડ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. પરંતુ આ દિવા સ્વપ્નો હવે સ્વપ્નો જ રહેશે. બીઆરટીએસ દસ વર્ષથી ગાંધીનગરના વસાહતીઓ મેટ્રો ટ્રેનનું સ્વપ્ન જોઈ રહ્યા હતા. ગયા વર્ષે યોજાયેલી વાયબ્રન્ટ સમિટમાં ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી મેટ્રો ટ્રેનનું વિશાળ મોડલ મુકી ગુજરાતના વિકાસની વાતો જોરશોરથી કરવામાં આવી હતી. મેટ્રો ટ્રેન માટે મેગા કંપનીની રચના કરી કન્સલ્ટેશન માટે પણ કરોડો ચુકવી દેવાયા હતા. સંભવીત મેટ્રો સ્ટેશન માટે ગાંધીનગરમાં ઠેરઠેર સોઈલ ટેસ્ટીંગ શરુ કરાયું હતું. સોઈલ ટેસ્ટીંગનું કામ ઠેર ઠેર શરૂ થતા ગાંધીનગરાઓની મેટ્રો ટ્રેન માટેની આશા વધુ દ્રઢ બની હતી. ગીફ્ટ સિટીમાં રોકાણ વધે તે માટે



બસની જેમ જ મેટ્રો ટ્રેનનું ગાજર ગાંધીનગરાઓ માટે લટકાવીને રાજ્ય સરકારે તે પાછુ ખેંચી લેતા ગાંધીનગરવાસીઓમાં ભારે નિરાશા છે અને ઠેર ઠેર આક્રોશ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર-અમદાવાદને લીંક સિટી બનાવી મેટ્રો ટ્રેન વડે જોડી દેવાની વર્ષો જુની યોજના હવે ડબ્બામાં જતી રહે તેવી સંભાવના છે. કેન્દ્ર પાસેથી મેટ્રો સિટીના વિકાસ અંતર્ગત ત્વરિત લોન મળે તે માટે રાજ્ય સરકારે ઉતાવળ કરી મેટ્રો ટ્રેન પ્રોજેક્ટમાંથી ગાંધીનગરને બાકાત કરી દીધું છે. હવે મેટ્રો ટ્રેન માત્ર અમદાવાદમાં જ દોડશે. અગાઉના પ્લાન મુજબ કુલ ખર્ચ ૨૨ હજાર કરોડ પર પહોંચી જતો હતો. તેના બદલે નવા ઘટાડેલા રૂટમાં ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેવો અંદાજ સરકાર દ્વારા મુકવામાં આવ્યો છે. નવી યોજનામાં ગાંધીનગર શહેરનો બાકાત કરી દેતા ગાંધીનગરવાસીઓમાં ભારે નિરાશા છવાઈ છે. છેલ્લા રોકાણકારોને મેટ્રો ટ્રેનની લાલચ સુધ્ધાં અપાઈ હતી. મેટ્રો ટ્રેનને કારણે ગાંધીનગરમાં જમીન-મકાનના ભાવો ઉંચકાયા હતા. ખાનગી ડેવલોપરો અને બિલ્ડરો તેમની સ્કીમમાં મેટ્રો ટ્રેનનો અચુક ઉલ્લેખ કરતા જોવા મળતા હતા. ઘણા વસાહતીઓએ તો ગણતરી મારવાની શરુ કરી દીધી હતી કે મેટ્રો દ્વારા કેવી રીતે કેટલી મિનીટોમાં અમદાવાદ પહોંચી શકાશે. ગાંધીનગરના વસાહતીઓ મેટ્રો ટ્રેનની યોજનાથી પોતાની જાતને મેટ્રો સિટીનો ભાગ સમજતા થઈ ગયા હતા. પરંતુ સોમવારે યોજાયેલી બેઠકમાં મેટ્રો ટ્રેન અંગે લેવાયેલા નિર્ણયમાં આ યોજનામાંથી ગાંધીનગરને બાકાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગાંધીનગરવાસીઓના સ્વપ્ના ચકનાચૂર થઈ ગયા છે. નવા કેટલાક રૂટ કોના ઈશારે સમાવાયા અને કેમ ગાંધીનગરને પડતું મુકાયું તેની ચર્ચાઓ થઈ ગઈ છે. અમારા ઘર પાસેથી મેટ્રો

● અનુસંધાન પાના - ૭ પર

# બિરસા મુંડા ભવનમાં કર્મચારીએ ૧૧.૬૦ કરોડનો ચૂનો ચોપડ્યો

## બનાવટી પત્રકો બનાવીને અધિકારીની ખોટી સહીઓ કરી : આર.ટી.જી.એસ. યોજના હેઠળ ભવનની સોસાયટીની શાખાઓને મોકલવાના રૂપિયા બારોબાર બીજા ખાતામાં જમા કરાવી દીધા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સેક્ટર-૧૦ ખાતે સ્થિત બિરસા મુંડા ભવન ખાતે એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા કર્મચારીએ ભવનની સોસાયટીના અધિકારીની બનાવટી પત્રકો બનાવી તેના પર સહીઓ કરી સોસાયટીની શાખાઓને મોકલવાના રૂપિયા બારોબાર બીજા બેંક ખાતામાં જમા કરાવી દઈ ઉચાપત કર્યાનો કિસ્સો બનવા પામ્યો છે. ૧૧.૬૦ કરોડ રૂપિયાની માતબર રકમની ઉચાપત તથા વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાની જાણ થતા સોસાયટીના અધિકારીએ એકાઉન્ટન્ટ આસી. સામે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવતા સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડે તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૦ ખાતે સ્થિત બિરસા મુંડા ભવનના અધિકારી પ્રકાશચંદ્ર કમજીભાઈ



પરમારે સે. ૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદ મુજબ બિરસા મુંડા ભવનમાં આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા કર્મચારી પરેશ રજનીકાન્ત પંચાલે સે. ૨૦૧૩ના ડીસેમ્બર મહિનાથી આજ દિન સુધીમાં બિરસા મુંડા ભવનની સોસાયટી સાથે અધધ... સાડા અગીયાર કરોડથી વધુ રૂપિયાની ઉચાપત કરી છેતરપીંડી કરી લીધી છે. બિરસા મુંડા ભવનની સોસાયટીની શાખાઓ આવેલી છે. આ વિશિષ્ટ શાખાઓને આર.ટી.જી.એસ. યોજના દ્વારા નાણાં મોકલવાના થતાં હોય છે.

આસી. એકાઉન્ટન્ટ પરેશ પંચાલે ફરજ દરમ્યાન ગેરરીતી આચરીને બનાવટી પત્રકો તૈયાર કરી અધિકારી પ્રકાશચંદ્ર પરમારની ખોટી સહીઓ કરીને સોસાયટીની ૧૫ જેટલી શાખાઓના રૂપિયા જે તે શાખાઓને પહોંચાડવાને બદલે ઈન્ફોસીટી દેના બેંકમાં કોઈ ખાતામાં જમા કરાવી દીધા છે. સોસાયટીના બે-પાંચ હજાર કે લાખ રૂપિયા નહીં પરંતુ રૂ. ૧૧.૬૦,૬૭૩૪ ની માતબર રકમના નાણાંની ઉચાપત કરી છેતરપીંડી આચરી છે. અધિકારીની ફરીયાદને આધારે સે. ૭ પી.આઈ. જે.એમ. ભરવાડે પરેશ પંચાલ સામે ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

### પોતાના જ ખાતામાં જમા કરેલા રૂપિયા ઉપાડી પણ લીધા

ઉચાપત કરનાર બીરસામુંડા ભવનનો કર્મચારી શાખાઓના રૂપિયા જે તે શાખામાં પહોંચાડવાને બદલે ઈન્ફોસિટી દેનાબેંકના પોતાના જ ખાતામાં જમા કરાવી દીધા હતા. રૂપિયા ૧૧.૬૦ કરોડ પોતાના ખાતામાં જમા કરીને આરોપી કર્મચારી જમા કરેલા ઉચાપતના રૂપિયા ખાતામાંથી ઉપાડી રફુચક્કર થઈ ગયો છે. પોલીસને તેના ઘરે તપાસ કરી પરંતુ ત્યાં પણ મળી આવેલ નથી.

### આરોપીને શોધવા પાંચ ટીમ બનાવાઈ

માતબર રકમ ૧૧.૬૦ કરોડથી વધુ રૂપિયાની ઉચાપત કરી લેનાર આરોપી કર્મચારીને પકડવા જિલ્લા પોલીસવડાના આદેશથી પોલીસની પાંચ-પાંચ ટીમો દોડતી કરી દેવામાં આવી છે.

### ચાર કરોડનો પત્તો પોલીસને મળી ગયો

ડીવાયએસપી જે.એ. જાડેજાના જણાવ્યા પ્રમાણે મોડી સાંજે ૧૧.૬૦ કરોડમાંથી ચાર કરોડ રૂપિયા આરોપી કર્મચારીએ ક્યાં મુક્યા છે તેના સઘડ મળી ગયા છે. અને આરોપી સુધી પહોંચવા પોલીસની ટીમો દોડાવવામાં આવી છે. ગણત્રીના કલાકોમાં ચાર કરોડ રૂપિયા રીકવર કરી લે તેવી શક્યતા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લાની આરોગ્ય સેવાઓની સમીક્ષા માટે આજે આરોગ્ય કમિશનરશ્રીએ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- પક્ષાંતર ધારા ભંગના કેસનો સામનો કરી રહેલા મેયર અને તેમના બે સાથીઓના કેસમાં આજે વધુ એક મુદત પડી છે.
- રાજય વિધાનસભાના ૧૦ ધારાસભ્યો ૨૮ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન હિન્દીમાં યોજાયેલ માસ્ટર ઈન બજેટ નામના વર્કશોપમાં ભાગ લેવા જનાર છે.
- જિલ્લા કલેકટર આજે કલોલ તાલુકાના પાનસર ગામની મુલાકાતે ગયા હતા જયાં તેમણે વન ડે ગર્વનન્સ અંતર્ગત યોજાયેલ કેમ્પમાં હાજરી આપી હતી.
- મધુર ડેરીના ચેરમેનશ્રી શંકરસિંહ રાણા આજે કલેકટર ઓફિસમાં મુલાકાત માટે ગયા હતા.
- ૨૫મી જાન્યુઆરીએ યોજાનાર રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.
- ધર્નુમાસ પૂર્ણ થતાં જ લગ્નસરાની મોસમ શરૂ થઈ છે. આ વર્ષે મુહુર્ત ઓછા હોવાથી એક સાથે બે થી ત્રણ લગ્નોમાં પરિવારોને હાજરી આપવા જવાના પ્રસંગો થઈ રહ્યા છે.
- અમદાવાદમાં હિતેષ ઝવેરીની હત્યાની બનાવની તપાસની માંગણી સાથે એક આવેદનપત્ર જિલ્લા વહીવટી તંત્રને જવેલર્સ એસો.ના અગ્રણીઓએ આપ્યું છે.

# એસ.ટી. ડેપોમાં ટ્રેનિંગ સેન્ટર માટે ૫૦૦ વૃક્ષો કપાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પણ આગામી સમયમાં હરિયાળા વૃક્ષોનું નિકંદન વળશે. ડેપો હસ્તકની જગ્યાઓ ટ્રેનિંગ સેન્ટર બનાવવા ૫૦૦ જેટલા વૃક્ષોનો ખાતમો કરાશે. શહેરમાં વિકાસના નામે અનેક વૃક્ષોનું નિકંદન વાળવામાં આવે છે. અત્યાર સુધી માર્ગ નવીનીકરણ અને વાઈડનીંગના પ્રોજેક્ટ ઉપરાંત માળખાગત સુવિધા તેમજ વિકાસના અનેકવિધ પ્રોજેક્ટ અન્વયે સેંકડો વૃક્ષો કાપવામાં આવ્યા છે. શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત ડેપોને મોડેલ ડેપો બનાવવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી ડેપો સંકુલમાં વીજબચત થાય તે માટે સોલાર પેનલ સિસ્ટમ લગાવી દેવાઈ છે. આ ઉપરાંત ડેપો સંકુલને સ્વચ્છ અને હરિયાળુ રાખવા પણ પ્રયાસ હાથ ધરાયો છે. બીજીતરફ ડેપો સંકુલની પાસે સ્થિત ડેપો હસ્તકની જગ્યામાં ટ્રેનિંગ સેન્ટર કે બસ સ્ટેન્ડ વિકસાવવા આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મામલે એસ.ટી. નિગમની સેન્ટ્રલ ઓફિસ કક્ષાએથી પણ જરૂરી અભ્યાસ હાથ ધરી દેવાયો છે. જેના અંતે ડેપોની અનામત જગ્યામાં ટ્રેનિંગ સેન્ટર ઉભુ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે આ પ્રોજેક્ટ અન્વયે અડચણરૂપ થતા ૫૦૦ જેટલા ગરમાળાના વૃક્ષો દૂર કરવા પણ વન વિભાગને દરખાસ્ત કરી દેવાઈ છે. અડચણરૂપ વૃક્ષોને માર્કીંગ પણ કરી દેવાયું છે.

# માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણીનું સમાપન

## કોબા સર્કલ વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિયમોનું પાલન ન કરનાર ચાલકોને ઉઠક બેઠક કરાવી રાષ્ટ્રગીત ગવડાવ્યું : ચિલોડા સર્કલે ચાલકોનો આઈ ટેસ્ટ કરાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના કોબા સર્કલ પાસે લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓમાં સહકાર સાથે ટ્રાફિક સપ્તાહની ઉજવણીનું સમાપન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન ટ્રાફિકના નિયમોનું પાલન ના કરનાર વાહનચાલકોને દંડવામાં આવ્યા હતા જ્યારે નિયમોનું પાલન કરનાર ચાલકોને ગુલાબનું ફૂલ આપી બિરદાવવામાં આવ્યા હતા. આ સપ્તાહ દરમ્યાન ચિલોડા સર્કલ ખાતે વાહનચાલકોના આઈ ટેસ્ટ અને ઘ-૦ સર્કલ ખાતે ટ્રાફિક ડ્રાઈવનું પણ આયોજન કરાયું હતું.

આ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીમાં કોબાની જીડીએમ એન્ડ એચ.એમ.જે. સ્કૂલના વિદ્યાર્થીઓએ ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને હેલ્મેટ પહેરી વાહન ચલાવવા, સીટબેલ્ટ બાંધવા, ચાલુ વાહને મોબાઈલ ફોન ના વાપરવા, સ્ટંટ ના કરવા અને ભયજનક રીતે વાહન ના હંકારવા અનુરોધ કરાયો હતો. આ ઉજવણી દરમ્યાન ટ્રાફિકના નિયમોનું પાલન ના કરનાર વાહનચાલકોને વિદ્યાર્થીઓએ ઉઠકબેઠક કરાવી, કાન પકડાવી અથવા



રાષ્ટ્ર ગીત ગવડાવવા જેવી હળવી સજા સાથે નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો અને નિયમોનું પાલન કરનાર ચાલકોને ગુલાબનું ફૂલ આપી અભિવાદન કર્યું હતું. તેમણે ૨૦૦૦ જેટલી પત્રિકાઓ અને ટ્રાફિકના નિયમોની પુસ્તિકાઓનું વિતરણ કર્યું હતું. તેમજ ૭૦૦ જેટલા વાહનોમાં રીફ્લેક્ટર્સ પટ્ટીઓ લગાડી હતી. તેમના આ અભિયાનમાં પોલીસ અધિકારી શરદ સિંઘલ, આરટીઓ સવાણી સાહેબ, કલોલ નાયબ પોલીસ અધિક્ષક ગામીત સાહેબ, ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર ગઢવી સાહેબ તેમજ અન્ય કર્મીઓ હાજર રહ્યા હતા.

આ ઉપરાંત આ સપ્તાહની ઉજવણીમાં ચિલોડા ખાતે વસાહત મંડળના સહકારથી હાઈવે પર વાહન હંકારતા લગભગ ૧૦૩ ચાલકોનો આઈ ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને જરૂરી મેડીકલ સારવાર ઉપરાંત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓના આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાનું આયોજન પણ કરાયું હતું. ગાંધીનગરના ઘ-૦ સર્કલે ટ્રાફિક ડ્રાઈવનું પણ આયોજન કરાયું હતું.

# વેપારીઓ અને ઉચ્ચ અધિકારીઓની બેઠક

અમદાવાદ, તા.૧૭

બુધવારે સવારે શિવરંજની ચાર રસ્તા પાસે હિતેશ ઝવેરી પર બાઈક સવાર શખ્સોએ અંધાધૂધ ગોળી મારીને કરોડથી વધુ રકમની લૂંટ ચલાવ્યાની ઘટનાને પગલે શહેરીજનો તથા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે. આજે સેટેલાઈટ પોલીસ મથકમાં શહેરના વેપારીઓ અને ઉચ્ચ અધિકારીઓની મિટીંગ યોજાઈ હતી. આ મિટીંગમાં વેપારીઓની સુરક્ષા અંગેની ચર્ચા કરાઈ હતી. સાથે જ આ પ્રકારની ઘટનાનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટેના પગલા લેવાશે જેવી બાબતોની ચર્ચા થઈ હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. દરમિયાન સનસનાટીપૂર્ણ લૂંટ અને હત્યાના મામલામાં પોલીસે હજુ સુધી કોઈ પણ સફળતા મેળવી નથી.


**શ્રી સ્વામી પ્રસન્ન**

ઉપવાસ માટે બટાકાના પાપડ મળશે. આપનો ઓર્ડર બુક કરાવો.

કલ્યાણીબેન મેંગદે
મો. : ૯૭૧૨૮ ૭૫૫૦૦



**હાર્દિક અભિનંદન**



દિલિપસિંહ ચૌહાણ
ચેરમેનશ્રી,
ગાં. દૂ. વા. સ. મંડળી



શંકરસિંહજી રાણા
ચેરમેનશ્રી,
ગાંધીનગર ડેરી

ગાંધીનગર દૂધ પાવરનારાઓની સહકારી મંડળીના ચેરમેન શ્રી દિલીપસિંહ ચૌહાણના નેતૃત્ત્વમાં મંડળીના કેન્દ્ર સંચાલકોની આર્થિક સ્થિતિ અને ઉત્સાહમાં અનેક ઘણો વધારો થયો છે, તેમની રજૂઆતને ધ્યાનમાં લઈને ગાંધીનગર ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહજી રાણાએ મંડળીના દૂધ વિતરણ કેન્દ્ર સંચાલકોના કમિશનના દરમાં વધારો કરી આપેલ છે તે માટે અમો સર્વે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અને તેમને કોટી કોટી અભિનંદન પાઠવીએ છીએ.

લી. દૂધ વિતરણ કેન્દ્ર સંચાલકો
જશવંતસિંહ રાઓલજી, સેક્ટર-૩
અશોકભાઈ પટેલ, સેક્ટર-૩
જયગોપાલ ડેરી, સેક્ટર-૩
ભુપેન્દ્રભાઈ પટેલ, સેક્ટર-૬
બાબુભાઈ પટેલ, સેક્ટર-૬
ભુપેન્દ્રસિંહ ઠાકોર, સેક્ટર-૬


# ચૌધરી ઈન્સ્ટીટયૂટમાં ટેકનિકલ ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

સે-૭ સ્થિત ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટીટયૂટ એમ.સી.એ. દ્વારા તા. ૧૮ જાન્યુઆરીના રોજ રાજયકક્ષાના ટેકનિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયની વિવિધ ૮૦ કોલેજોના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે.

ચૌધરી ટેકનિકલ ઈન્સ્ટીટયૂટના લેકચરર વિનોદ પિલવાઈએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા તા. ૧૮ જાન્યુઆરીના રોજ પ્રથમવાર રાજયકક્ષાના ટેકનિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર રાજયની વિવિધ ૮૦ જેટલી કોલેજોમાંથી ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. વિદ્યાર્થીઓમાં ટેકનિકલ ક્ષતિઓ જાગૃત થાય તેમજ આ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક અભિગમ કેળવવાની સાથે ભવિષ્યમાં યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તેવા આશયથી આ ઈવેન્ટ યોજવામાં આવી છે. આ ટેકનિકલ ઈવેન્ટ અન્વયે પેપર પ્રેઝન્ટેશન, ગૃપ ડીસ્કશન, કોડીંગ કોમ્પિટીશન, વેબ અને લોગો ડિઝાઈનીંગ, ગેઈમ ઈનોવેટીમ આઈડિયા સહિતની વિવિધ ૧૦ પ્રકારની સ્પર્ધાઓ યોજવામાં આવશે. આ દરમિયાન વિવિધ બે કંપનીઓના એકસપર્ટ દ્વારા વિદ્યાર્થીઓને જરુરી ટેકનિકલ જ્ઞાન પુરું પાડવામાં આવશે. બી.બી.એ. તેમજ એમ.સી.એ.ના તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ચૌધરી કોલેજના ૫૮ જેટલા વિદ્યાર્થીઓ પણ આ સ્પર્ધામાં ભાગ લેશે. આ ઉપરાંત વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે.











C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com